श्री लक्ष्म

શ્રી લક્ષ્મીનારાયણ પ્રગટ પ્રતિમા

પદમાળા.

રચીને પ્રસિદ્ધ કરનાર

ત્રીભોવન જેઠાલાલ દવે..

ટંકારા સ્કુલ માસ્તર

સાયલા નીવાશી

આવૃતિ ત્રીજી પ્રત ૨૦૦૦

કરાંચી:

મહાલક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

મુલ્ય રૂા. ૦—૨—૦

પ્રસ્તાવના

શ્રી લક્ષ્મીનારાયણની પ્રતિમા વિશે મેં આ પદમાળા બનાવીછે તે પ્રતિમાની પ્રથમ ઉત્પત્તિ, ચમત્કાર સ્થળાંતર થવું ને ભગત ધનાને સ્વપ્નામાં પ્રસન થવું તે વિષે ટુંક હેવાલ નીચે પ્રમાણે આપું છું તે વાંચવા તસ્તી લેશો.

ગુજર સુતાર નામે ભગત ધનજી કે જેના બાપદાદા પ્રથમ આટકોટ પાસે જસદણ તાબાના ગામ ભોંયરામાંરહેતા હતા, સાખે ભાલોડીઆ કહેવાતા, ભગત મજકુરના બાપ વિભાની સ્થીતી નબળી થવાથી ભગત ધનાએગામ છોડી દીધુ નેપોતાના કુટુંબ સહીત ધ્રોલ તાબાના ગામ ઇટાલામા આવી રહ્યા. ત્યાં પોતાનુ ગુજરાન ચલાવવાની સાથે ઈશ્વર ભજનમાં દીવસો નિરગમન કરતા હતા બાદ ભગતમજકુરની મરજી તીથયાત્રાએ જવાનીથવાથી, પોતે દશ વરસ સુધી તીરથ યાત્રા કરી બાદ ઘેર આવ્યા,. તે વખતમાં તેનામનમાં એવી ઉત્કંઠા ઉત્પન્ન થઈ કે હવેતો કોઇ પ્રભુની પ્રતીમા મળેતો સેવા પુજા કરીએ ને ઈશ્વર ભજનમા દીવસ નિરગમન કરીએ એવા વિચારમાં તેનુ મન હમેશાં રહેતુ. તેજ અરસામાં સ્વપ્નું થયું કે ખીરસરા પાસેના ગામડામાં એક આયરને મારી જુગલ પ્રતીમાં તેના ખેતરમાંથીહળ હાંકતાં પૃથ્વીમાંથી મળી આવશે તે લઈ તારી પાસેઆવી બળધની માગણી કરશે તો તેને ગમે તે બળધ આપી મારીપ્રતિમાલઈ તેની સેવા પુજા કરજે. હું તારાપર અને તારા કુટુંબ ઉપર પ્રસનછું આ સ્વપ્નુ થયુ તેજ વખતમાખીરસરાપાસે એક નાના ગામડામાં આયર કે જે ખેતીનો ધંધો કરતો હતો તે હળ લઇ પોતાને ખેતર ખેડવા ગયો. ત્યાંજપ્રથમ હળ ફેરવતાંજ પૃથ્વીમાંથી શ્રી લક્ષ્મીનારાયણની જુગલ મુર્તી નીકળીઆવી તે મુર્તીને હનુમાનજીની જાણી, આયર મજકુરે ખેતરપાસેના રાફડા પાસે ઉભીકરી પોતે ઘેર આવ્યો, બાદ તેનો એક બળધ તુરત મરી ગયો તેથી તેના મનમાંસદરહુ મુર્તી વિષે સંકલ્પ વિકલ્પ થવા લાગ્યો ને તેજ વિચારમાં તે નિંદ્રાવશ થવાથી તેને પણ સ્વપ્નુ થયુંકે તું મુંઝાઈસનહીં. જે મારી મુર્તી તેં તારા ખેતરમાં રાફડા પાસે ઉભી કરી રાખી છે તે મુર્તી લઇ ધ્રોલ તાબાના વચલા ઈટાલામાં ગુજર સુતાર નામે ધનજી કરીને મારો અનન્ય ભગત છે તેનીપાસે જા ને તેણે બેચાર બળધ પાળ્યાછે તેમાંથી તારી ખુસી પડે તે લેઇ મારી પ્રતીમા તેને આપજે તો તારી વ્યાધી દુર થઈ જશે. આવીરીતે સ્વપ્નું થવાથી તે આયર મજકુર

શ્રી લક્ષ્મીનારાયણની જુગલ પ્રતિમા લઇ ઇટાલેસદરેહુભગત ધના પાસે ગયે તેને દુરથીઆવતો દેખી ભગતતેના સામા ગયા ને શ્રીપ્રભુનીપતિમાને દંડવત કરી પોતે પોતાની કાંધપર પ્રતિમાં લીધી અનેઆયરનેકહ્યું કે આ પ્રતિમાં બદલ તારે શું લેવા વિચાર છે. ત્યારે આયરેબળધની માગણીકરવાની તેને છુટ આપી કે મેં આ બે વાછડા પાળ્યાછે. તેમાંથીતારી ખુશી પડે તે લઇ લે આ સાંભળી આયરધણો ખુશી થયો ને બળધ લઇ પોતાને ગામ ગયો.

શ્રી પ્રભુની પ્રતિમાને ભગત ધનાએ ધામધૂમથી પધરાવી સેવા પુજા કરવા માંડીઅને સ્ત્રી પુરૂષ બંને માણસે પોતાના ઇષ્ટદેવ ને મોક્ષદાતા જાણી સેવા પુજામાં ને તેમનું ભજન કરવામાંવખત કાઢવાલાગ્યા, પોતાના પ્રત્યે ભગતની એકાગ્ર વૃતિ નિશ્ચય છે કે નહીં તે પારખવાનેવાસ્તેઠાકોરજી એ નીચે પ્રમાણે લીલાકરી:—

એક દિવસ ભગત કામના પ્રસંગથી બહાર ગામ ગયા હતા પછવાડે ઘરને આગ લાગવાથી તમામ ઘર સરસામાન સાથે બળી ગયું તે સાથે લક્ષ્મીનારાયણની પ્રતિમા પણ દગ્ધ થઇ તેથી તેના તમામ અવયવો જૂદા જૂદા થઇ ગયા દરમ્યાનભગતનું તુરત ઘરે આવવું થયું ને જેવો આ બનાવ તેની નજરે પડયો કે બેભાન જેવા થઈ ગયા ને મનમાં નિશ્ચય કર્યો કે હવે ઠાકોરજીની આપણાપરઅવકૃપા થઇ માટે દેહ રાખવો વૃથા છે એવું ધારી ઠાકોરજીનીપતિમાનાઅવયવો સમુદ્રમાં પધરાવવા સારૂ એક કોથલીમાં નાંખી સાથે લીધા ને પોતાના પ્રથમના નિશ્ચયપ્રમાણે પોતે પણ જળ પ્રવાહ લેવા નક્કી કરી દ્વારિકા તરફ ચાલી નીકળ્યા, ને ચાલતાં ચલતાં દ્વારિકાનજદીકમાં એક વડ આવ્યો,ત્યાં પ્રતિમાની કોથલી ઊંચે બાંધીપોતે સુતા હતા તેવામાં સ્વપ્નું થયું કે તું અકળામાં ને મારી પ્રતિમાના તમામઅવયવો એકત્ર ગોઠવી તેપર શ્રી લક્ષ્મીનારાયણનું નામ લઈ તારાજમણા હાથથી પાણી છાંટીશ એટલે તારી મનકામના પરિપુરણ થશે. ભગતને સ્વપ્નાનો પુરોવિશ્વાસ હતો માટે તે પ્રમાણે કરવાથી પ્રતિમા અખંડ જેવામાં આવતાભગત ઘણા ખુશી થયા ને પ્રતિમાને શિરપર લઇ પાછા ઈટાળે આવ્યા, ને ત્યાં ચોરામાંપ્રતિમાજી

સ્થાપના કરી પ્રથમ માફક સેવા કરવી શરૂકરી પણ ભગતનું ચીત ત્યાં સ્થિરનહી થવાથી ઠાકોરજીની પ્રતિમાને લઇ સવંત ૧૭૮૭ની શાલમાં શ્રી ટંકારે આવ્યા ઇટાળે પ્રથમ સ્થાપના થવાથી હાલ ત્યાં ઠાકોરજીની ગાદીનીહમેશાંસેવાપુજા થાયછે ને તે લક્ષ્મીનારાયણનુ ઈટાળુ એ નામથી આજપણઓળખાય છે.

ટંકારામાં ઠાકોરજીની પ્રતિમાની સ્થાપના પ્રથમ ચોરામાં કરી તેની સેવા પુજા કરવા લાગ્યા ઠાકોરજીનીભગત ધનાપર પુરણકૃપા હતી,કેટલેક વરસેભગત ધનાએ સ્વર્ગવાસ કર્યો. તેને બે દીકરા નામે જેરામને ભગવાનહતા.તેમાં નાના દીકરા ભગવાન ભગતે ઠાકોરજીની સેવા કરવા માંડીતેભગવાન ભગતનેપણ બે દીકરા હતા, તેનું નામ રૂડો ને આણંદતેમાનારૂડાભગતે સેવા કીધી રૂડા ભગતને ચાર દીકરા નામે જાગો,લાલોઆંબોનેપ્રેમજી હતા, તેમાં જાગા ભગતે ઠાકોરજીની સેવા કરી છે, જાગો ભગત ગુજરીગયા બાદ તેને એકજ દીકરો નામે કડવોભગત હતા તેણે ઠાકોરજીનીસેવાશુદ્ધ ભાવથી કરી બાદ ભગત કડવે સ્વર્ગવાસ કીધો તેને એકજ દીકરો નામે શામજી તે મહાભગત રાજને મુળ પુરૂષ ધના ભગતની વૃતી જેવાજ હતા તેણે ઠાકોરજીની સેવા પુજામાંને ભજનકીર્તન ને પદ ગાવામાં પોતાની આખી જીંદગાનીગુજારીને આખરે શ્રી ઠાકોરજીની કૃપાથી સવંત ૧૯૪૮ના માગસરમાંસમાં મોક્ષ પદનેપામ્યા તેને પાંચ દીકરા નામે કલ્યાણ, માધવજી, ભાણજી,નાનજી ને નથુ એ નામે છે તે માંના ભગત માધવજીહાલ ચાલતા વખતમાં ઠાકોરજીની સેવા પુજા ખર અંતઃકરણથી અને ભકિત ભાવથીકરી લાવ લે છે આ માધવજી ભગત ધનાછે ભગતથી સાતમી પેઢીએ છે, સિવાય ધના ભગતનાં પરિવારમાં લગભગબસો માણસો હશે ને તે બધા સારી રીતે પોતાનું ગુજરાન કરી શ્રી લક્ષ્મીનારાયણનુ ધ્યાન કરયા કરે છે.

ઠાકોરજીની પ્રતિમા પ્રથમ ચોરામાંપધરાવેલ તે ઉપર આવી ગએલછે બાદ સવંત ૧૮૮૮ ની શાલમાં ઠાકોરજીના શેવક મોઢ બ્રાહ્મણ ત્રવાડી હર જીવન સુખદેવે દેવળ બંધાવ્યું ને તે દેવળને ત્રવાડી રગનાથના દીકરા નામે મા ધવજીની ઓરમાન મા જસુ બાઇએ સવંત૧૮૮૮ની શાલમાં ઇંડું ચડાવ્યું ને

ત્રવાડી હરજીવને ઠાકોરજીની પ્રતિમાને અંદર પધરાવી હાલતે દેવળમાંજ રાજેછે અને દેવળનાં આગળનાં ભાગમાં મંડપ ગોઠવી તેની પર કાચનાં તખ્તા ને છબીઓથી સારી રીતે શણુગારી વધારો કરેલોછે.

ત્રવાડી મજકુરના વંશજો હાલ ટંકારામાંજ રહે છે.

શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિમાને હમેશાં સાંજ સવાર આરતી વખતે ધુપ કરવામાં આવેછે, આ રિવાજ પ્રથમથી ચાલ્યો આવેછે. આ પ્રતિમાં ઘણીજ તેજસ્વી અને ચમત્કારીકછે હાલના વખતમાં પણ જે માણસ તેની ખરી આસ્થા રાખે છે તેની મનમાંધારેલી કામના પરિપુર્ણ કરે છે તે સત્ય છે.

આલક્ષ્મીનારાયણના મંદીરમાં સ્વસ્થાનશ્રી મોરબીના નામદાર દરબાર સાહેબ તરફથી સાધુ બ્રાહ્મણ ને અભ્યાગત લોકોને લોટ દાળનું સદાવ્રત અપાય છે.

આ મંદીર ખાતે કાંઈ જમીનો ગરાસ તેમ ઉપજ નથી અને બાર માશીક હજારો રૂપિઆનુ ખરચ થાયછે, તે ફકત શ્રી લક્ષ્મીનારાયણનાપ્રચંડ પડચાથીજ ચાલે છે દેશપરદેશના હજારો લોકો દરસનકરવા હરહમેશ આવ્યા કરેછે તેને ભગત તરફથી સારી રીતે માન આવકાર મળે છે, તે ખાતે ભગત માધવજીની મનોવૃતી સારી જોવામાં આવી છે. એજ સવંત ૧૯૫૪ના કાર્તક વદ ૯ ગુરૂવાર.

લી. હું છું ઠાકોરજીનો દીનદાસ
પ્રસિદ્ધ કર્તા.

શ્રી લક્ષ્મીનારાયણ સત્ય છે.

શ્રી લક્ષ્મીનારાયણ પ્રગટ પ્રતિમા પદમાળા.

મંગળા ચરણ જોગ આશા.

પતિરે શ્રી કમલા આનંદ આપો. દાસ ગણીને મહાદુઃખ કાપો.
પ્રભુતા ધરીને દુર કરો પાપો. શરણમાં લઇને સેવક થાપો—પતિ
રાત દીવસ હું જપું તુજ જાપો. હૃદય વીશે દીયો ભક્તિનો છાપો-પ
જીભોવન તનના ટાળોને તાપો. પ્રભુ ગુણ ગાવા મતિ સુધ્ધ આપો-પ.

પ્રાણનાથ યુધ્ધતો સુખે થકો કરોરે સુખે થકો કરોરે એ-રાગ.

લક્ષ્મીનાથ જોડી હાથ નીત તો નમોરે. ભલા નીતતો નમો.
મનુષ્યો દેહ મળ્યો ચાલ્યો જાય છે. સમો.
નરલોક પરલોક દેવલોક માંરે ભલા દેવ લોકમાં 1
અનાદી સ્વરૂપ આતો ચૌદ લોકમાં.—લક્ષ્મી.
ભક્તપાળ છે કૃપાળ દીનના દયાળરે ભલા દીનના દયાળ. 2
લક્ષ્મીનાથ નામ લેતાં ટળે કાળ જાળ.—લક્ષ્મી.
ગજરાજ કર્યું કાજ કરૂણા કરીરે, ભલા કરૂણા કરી. 3
અજા મેળ છેલો ખેલ. દીલમાં ધરી. લક્ષ્મી.
બીદુર ભાજી જમ્યા ઝાઝી. ભાવે તો કરી ભલા ભાવે તો કરી.
પ્રલ્હાદ ઉગાર્યો રૂપ નૃસિંહ ધરી.— લક્ષ્મી.
ખરી ભક્તિ કરી મુક્તિ પામ્યા છે ઘણારે ભલા પામ્યા ઘણારે. 5
પ્રભુ પદ આવિ કાંઈ રાખી ન મણા—લક્ષ્મી.
એવા નાથ જોડી હાથ, નીત તો નમોરે. ભલા નીત તો નમો. 6
જીભોવન તનમન અરપી રમો.—લક્ષ્મી.

રાગ વણઝારો.

શુ વરણુવે રસના મારી. આ પ્રતિમા પડચો ભારી.
પૃથવીથી પ્રગટયા પ્રભુજી સુણી ધના ભકતની અરજી.
કીધી સ્વપને વાતુ સારી. આ પ્રતિમા પડચો ભારી.—૧
પછી પ્રેમથી પુજન કરતા. અતિ હરખ હયામાં ધરતા.
નીત નમતા નરને નારી. આ પ્રતિમાં પડચો ભારી.—૨
એક દીવસ થયો ઉત્પાત. અગનીએ કીધી ઘાત.
થઇ દગ્ધ પ્રતિમાં પ્યારી. આ પ્રતિમાં પડચો ભારી.—૩
મહા દુઃખ સાગમાં ભકત. છોડી સંસાર થવા વિરકત.
મન મરવું નિશ્ચય ધારી. આ પ્રતિમાં પડચો ભારી.—૪
નિજ ભકત દુઃખી છે દુઃખથી. પ્રભુ સ્વપ્ને બોલ્યા મુખથી.
ધન્ય ટેક ભકિત ઊરભારી. આ પ્રતિમાં પડચો ભારી.—૫
ભેગા ભાગ કરી એક ઠામે. નીર નાંખ્યું પ્રભુને નામે.
પેખી પ્રતિમા પુરી પ્યારી. આ પ્રતિમા પડચો ભારી.—૬
પછી પ્રતિમાં ત્યાંથી લઇને. ગામ ઇટાલામાં થઇને.
રહેવા ટંકમાં ધારણુ ધારી. આ પ્રતિમાં પડચો ભારી.—૭
બહુ ચમત્કારો અહીં કીધા. પ્રભુ પ્રગટ પડચા દીધા,
વાત લખતા જાઉં છું હારી. આ પ્રતિમાં પડચો ભારી.—૮
ધન ભાગ્ય ટંકારા વાસી. નીત દરશન દે અવીનાસી.
ઊર ત્રીભોવન ભકિત તારી. આ પ્રતિમા પડચો ભારી. ૯

ધનાશ્રી.

કરતુ નારાયણુ સેવા; હાંરે પ્રાણી કરતું નારાયણુ શેવા.
શેવા કર્યાથી મહા સુખ મળશે; મોક્ષ રૂપી મેવા.
હાંરે પ્રાણી કરતું નારાયણુ શેવા.
પ્રથમ શેવા કરી તે મહા સુખ પામ્યા. ધના ભકત જેવા.
હાંરે પ્રાણી કરતું નારાયણુ શેવા.
શેવા કીધી શુદ્ધ માધવરગનાથે, દેવળ બાંધી દેવા, હાંરે પ્રા૦
શુદ્ધ શેવાથી મુકિત પામ્યા, શામ કડવા કેવા. હાંરે પ્રાં૦
દાસ ત્રીભોવન અહો નિશ ઇચ્છે, નામ નારાયણુ લેવા.
હાંરે પ્રાણી કરતું નારાયણુ શેવા.

રાગ ગીરીકંદરની લાવણી.

ગામની અંદર મંદીર સુંદર, દેવળ દીપે બહુ સારૂં;
લક્ષ્મી વરપર જાઉ નીતવારી, જુગલ રૂપ લાગે પ્યારૂં.—ગામની.
પ્રથમ પોળમાં પ્રેમે પેસતા, સીખર ધજા ફરકે ચારૂં.
દરશન થાતાં દુર રહે છે. કામ ક્રોધ મદમોહ મારૂં.—ગામની.
આદય કરો દેદાર દયાળું, નીલકંઠ ડમરૂં ધારૂં.
ગજાનંદ હનુમાનની સાથે, ગંગજટા ઉભીઆવારૂ.—ગામની.
દીપમાળ દેવળમાં દેખો, પેખો પ્રેમે પરશાળું;
હાંડી ઝુમર ઉપર લટકે, દીપ તણી અગણીત હારૂ.—ગામની.
ટકટક ટકોરા બાજે, બે બાજુ બે ઘડીઆળું
દર્શન દેવા શેવા કાજે, સમય સુચવે દીલદારૂં.—ગામની.
બારશાખ બહુ વેલ છેલથી, કમાડ કીંમતી આકારૂં;
ચાંદીમાં ચકચુર બન્યા છે, સુવર્ણ રેપ્યા મડીયારૂ—ગામની.

સીહાસન શોભા બહુ સારી, સ્થંભે સુક રહ્યા ડારૂં;
નારાયણુ નીરખી મન રીઝો, માથે છત્ર તણો હારૂં—ગામની.

મોર મુગટ મકાકૃત કુંડળ, ચક્ર ગદા હસ્તે ચારૂં
શંખ પદમ બે કરમાં છાજે, રાજે લક્ષ્મી વામાગું—ગામનું

પીતવર્ણ પીતાબાંર સારા, પ્યારા ફેટા ફુલદારૂં
નાથ નીરંજન નીરખી નીત્યે, મોહી રડે મનડું મારૂં—ગામની

કોટ કોટીયા મોટ મોટીઆં, મોતી સાચા પરવાળું;
કોટ કાંઠલી સાથ ઉતારી, કટી મેખલા કલદારૂં —ગામની.

હીંડોળો હરખેથી જોતાં, શીલ્પ કળા અકળીત દારૂં;
માતંગ મેના મોર બીરાજે, પડખે પરીયું પ્રેમારૂં—ગામનુી.

શ્રાવણમાં શ્રીનાથજી પોતે, હીંડોળે ઝુલે જારૂં?
દેવદુંદભી ગગને ગાજે, છાજે સ્વર્ગ સમુ સારૂં—ગામની.

શ્રાવણ વદ આઠમ મધરાતે, દરશન જન્નતણા જાણું;
પુરલોક મહાયોક થોકથી, નીરખે નારાયણુ નાણું—ગામની.

વૈકુંઠ જોવો પાતીક ખોવા, જો મનડુ થાએ તારૂં?
દીવાળીના દીનમાં દેખો, લક્ષ્મીવર મંદીર પ્યારૂં—ગમાની.

મંદીર સામે નોબત ગાજે, ધીનકટ ધીનકટટકટ તાળું;
સરણાઇ સુરનાદથી નાસે, પાપ ચોકારી પુરબારૂં—ગામની.

અનકોટ ઓછવ છે મોટા, લોક જમે લાડુ દાળ,
સાધુસંત સદા વૃત કારણુ, સેવક ધરતા નજરાણું—ગામની.

સમય સમય નીશોભા કેતા નહીં ચાલે ચીતડું મારૂં
અલ્પ બુધી ઊચાર જાણુજો સાગરથી બહુબારૂં—ગામની,

ભગત શામજી રટે રામજી કામ રહીત ચીતડું મારૂં
સુધ્ધ ભાવથી કરતા સેવા, લેવા મુકિત પુર પ્યારૂં—ગામની:

સરોવર તીરે શેહેર સાયલા, મુળવતન જાણો મારૂં;
દાસ ત્રીભોવન કરે વિનતી સુખ આપશો નીત સારૂં—ગામની.

પાટણના નૃપ નથી તુજ મેહેલે એ રાગ.

નારાયણ છબી નીરખો નેણે. સકળ નરો નારી.
બહુ જોયુંછે ધારી. પ્રીતથી પ્રતીમાઓ પ્યારી. મહા મનોહર.
જુગલ છબી નવ દીઠી મે કયાંઇ એ ટેક નારાયણ.
પૃથ્વીથી પ્રગટયા સુંદર સ્યામ. બીરાજ્યા ધનાં ભકતને ધામ.
અવીચળ આપ્યું પદ નીજધામ એવા છે આધ ચમત્કારી. નારાયણ
તોડવા ભકત જનોનાં ત્રાસ. ઇટાલે પ્રથમ કીધો વાસ. પધાર્યા
પછી ટંકારા ખાસ આપણા ભાગ્ય ગણો ભારી. નારાયણ.
તે જો મય મુખડાં જોતાં જન. પૂર્વનાં પ્રાશ્ચીત થયા પતન્નાં
સુખનો સીંધું ઉલટે તન મૂર્તી છે. મહા મંગળકારી નારાયણ
લક્ષ્મીવર જોતાં ઉપજે લેહેર. મટી જાય ચોરાશીનો ફેર.
મળી જાય મુકિત સર્વેપેર. ત્રીભોવન વદે એમ વાણી. નારાયણ.

ક્ષત્રીકુલંકુ એ રાગ.

ધન્ય ધન્ય ટંકારૂં સારૂં ગામ લાડીલા લક્ષ્મીમપતીનમુંરે
મધ્યે ધરંધર શોભતું ધામ લાડીલા.
હાંડી ઝુમર તણો નહીં પાર લાડીલા.
તે જો મય તખતાછે આપાર લાડીલા.
બારસાખ ચાંદીમાં ચકચૂર લાડીલા.
કોટી કારીગરી કમાડેછે પુર લાડીલા.
સિંહાસને લક્ષ્મીનાથ છબી છેલ લાડીલા.
જોતા રંગતણી જામી રહેછે રેલ લાડીલા.

મહા મનોહર મુરતી છે જોડ લાડીલા.
નેણે નીરખતાં પુરાં થાય કોડ લાડીલા.
મોર મુગટમાં મોતી ભરપુર લાડીલા.
વંકીયાધે તોરા લટકતા પુર ઘાડીલા.
ભવ્ય તીલક શોભતું છે. ભાલ લાડીલા.
કોટીચંદ્ર તેજ ચાંદલો કપાળ લાડીલા.
કોટ કાંઠલી ને કોટીયાં અપાર લાડીલા.
માંહે મોતી તણી માલછે વિશાળ લાડીલા.
કર્ણે કુંડળ છે રત્નથી જડીત્ર લાડીલા.
સંખ ચક્ર ગદાપદમ છે પવિત્ર લાડીલા,
જરીયન વાઘા જુજ વાઘરાય લાડીલા.
ફરી ફેંટા માંહે જરી ઝલકાય લાડીલા.
શોભાશિંગાર તણો નહીં પાર લાડીલા.
અલ્પ બુદ્ધિ હું શું કરૂં એ ઉચ્ચાર લાડીલા.
નીત નીત નમું જોડી બને હાથ લાડીલા.
સદા રાખજો આ સેવકને સાથ. લાડીલા.
વેદ વીરંચીન પામ્યા આપભેદ લાડીલા.
એવા અતિતછો જગથી અભેદ [લાડીલા.
નામ નારાયણ લેતા પાપ જાય લાડીલા.
નેણે નીરખતાં મહા સુખ થાય [લાડીલા.
ભગત માધવજી ધન્ય તુજ ભાગ્ય લાડીલા.
પ્રભુ પ્રીતેનીજ!હાથથી પુજાય લાડીલા.
પ્રીતે નીરખવા મનનાં હુલાય લાડીલા.
રંક ત્રીભોવન જાણો આપ દાસ લાડીલા.

દીનનો દયાળ છોડી કેને શરણે જાઉં એ રાહ.

ધન્ય ધન્ય ધામ લક્ષ્મીનાથનું જુઓને.
નેણે નીરખી જુગલ છબી પાપ તો ખુઓને.
નીત્ત નીત નામ લક્ષ્મીનાથનું લહોને.
ચતુર ભુજ ચમત્કારી ચીતમાં ચહોનો. ધન્ય.
લક્ષ્મીનાથ જોડી હાથ મુખથી કહોને.
જન્મ મરણ જાય સ્વર્ગ સુખ તો ગ્રહોને. ધન્ય.
શુદ્ધ ભાવ હૃદયમાય રાખી જો રહોને.
પુર્ણ કામ કરત શામ વિપતિ દહોને.
ચમત્કાર છે અપાર લક્ષમાં લહોને.
ત્રીભોવનદાસ જાણી ગોદમાં ગૃહોને. ધન્ય.

જય અંતે થસે એ રાહ.

પાતીક તો જશે લક્ષ્મીનાથ નીરખશે. પાતીકતો.
અંબર ધર્યા પલવટે પીળા વંકીવાધ પેંચછે લીલા.
કનકલીન, નીતનવીન, જામા જરકશી લક્ષ્મીનાથ.
મયુર મુગટો મુસ્તકે ધર્યા; કર્ણ કુંડલો રત્નથી ભર્યા;
મોત નમાલ, તીલકભાળ; આયુધ કરવરો લક્ષ્મીનાથ.
અતી વીશાળકોટ કોટીયા. મણી જડાંવ મોટ મોટીયા.
જુગલ રૂપ બહુ અનુપ મન મારૂં હરો. લક્ષ્મીનાથ

ભુપતી લીયો દીલધારી પદમણી હોય ન્યારી એ રાગ.

જુગલ રૂપ શોભા છે સારી તે નારાયણ નીરખો નરનારી.
મહા મનોહર મૂર્તી મંગળ. જળ હુળ જોડ સ્વરૂપ.
પ્રગટ પ્રતિમાં વામ અંગમાં લક્ષ્મી લાંછન રૂપ
ચતુરભુજ અતિ ચમત્કારી   નારાયણ.
મુખાર્વિંદ સુખ સાગર જેવું નેહ ભરેલાં નેણ,
ગોળાકાર બે ગાલ ઉપરે, કુંમ કુંમ બીંદુ કેણ.
કૃપાળે કનકપટી પ્યારી.   નારાયણ.
મચ્છ કચ્છવારાહ અંગમાં નરસિંહ વામન રૂપ
ફરસુ રામશ્રી રામ બીરાજે કૃષ્ણ દ્વારકા ભુપ
દસે રૂપ દરશન દે દોડી   નારાયણ.
ખટ દરશન શોભા બહુ સારી. મંગલ, શ્રીંગારી થાલ.
પાંચ બજયે પોઢી ઉઠયાનાં, આરતી સંધ્યાકાળ.
શયનના અતિ સુખકારી   નારાયણ.
મુક્તિ મળવા ઇચ્છો મન નીરખો લક્ષ્મી નાથ.
શુદ્ધ ભાવથી કરી લ્યો દરશન. જોડી બંને હાથ.
ત્રીભોવન વંદે વારંવારી   નારાયણ

મહાકુમારીકા છે રૂપાળી—એ રાહ.

જુગલ મુરતી લાગે છે મુને પ્યારી દાડી દાડી નમેછે નરનારી
વીચારી ધારી તેજનો અંબાર મોહકારી—જુગલ મુર્તી
ગામ ટંકારામાંહી બીરાજે, નામ લક્ષ્મીપતી કામલાજે

કોટી કીર્તીગામોગામ ગાજે, જોડ રૂપ ભરયો ક્રુપછે અનુપ
મોટા ભુપ નમે વારંવારી જુગલ.
કોટ કોટીયાં બીરાજે છે પ્યારા, હીરા હાર શોભેછે ઉરસારા
શીર મુગટ બીરાજે રવીતારા, હાંરે મુખલાલ તીલકભાળ,
મોતન માળ છે વિશાળ મહા મંગળકારી જુગલ મુર્તી.
નવીન વાઘા બીરાજે અંગ નિત્યે, રંગ બેરંગી ફેંટા શુ રીતે,
તોરા લટકે છે લાલપાઘ પ્રીતે, ચંદ્ર લેજ તણું તેજ,
મુખ બેજમાં રમેજ, સદા સીતળકારી. જુગલ.
દેવ દરશનથી મહા દુઃખ જાયે; ભવોભવના પ્રાતીક પ્રલેથાએ
અતી આનંદ ઉંર વરતાએ, એવા સામ લેતા નામ,
મળે ધામને વીરામ મહા મોક્ષકારી જુગલ.
સીંહાસન શોભા જુઓ સામી, શીરછત્ર રહ્યા છે બહુ જામી
મધ્યે આપ બીરાજે બહુ નામી, મુખ નુર જોઈ ઉર,
ટંકપુર ચક્ચુર અતિ આનંદકારી જુગલ.
શુદ્ધ ભાવે સેવા થાય સારી, ધરે ધીરજ આભુષણુ ધારી,
મન મોહીત માધવદાસ ભારી, એવા નાથ જોડી હાથ,
ભીડી બાથ, રહુ સાથ. એવી વરતી મારી--જુગલ
દાસ ત્રીભોવન આપનો જાણી, દયા દ્રષ્ટી કરોને સુખ પાણી,
જેથી નીત નીત વદુ એવી વાણી, રાખો પાસ, જાય ત્રાસ,
ગરીબદાસ, ઉરઆશ, મુખ માગું સદા એ મોરારી.—જુગલ

તોરા તોરારે લટકે છે પાઘ તોરારે મેં વારી તોરા તોરારે.
નીત નીત નીત મુગટ નવીન બીરાજે. મેં મોહુ મનમોરાતોરા
જુદી જુદી જાતના જરકસીજામા, ફેટામાં ફુલ દોરા, તોરા.
જુગો જુગ જાચે ભગત માધવજી; ત્રીભુવન તન તોરારે તોરા.

રૂક્ષીણી લાવણી--રાહ.

લક્ષ્મીના પતી નીરખો નરનારીરે. મંગળ મુખજોતાં
મુખ; જાય દુઃખ; વીપત ભુખ; એવા શ્રી હરીરે-લક્ષ્મી.
પુરણ ભાવથી ભકિત જો કરોરે, સદા સ્હાય, પ્રભુજી
થાય, વઈકુઠરાય પકડે બાંહ ભકકતાધીન ભારીરે-લક્ષ્મી
પ્રગટ પ્રતીમા આ, પડચોછે ભારીરે, સુંદર શામ-લક્ષ્મી
વામ, ટંકારા ગામાં મોટું ધામ, જુઓને ધારી ધારીરે-લક્ષ્મી
શેવક હું સદા ત્રીભોવન તારોરે, રાખો પાસ, જાય
ત્રાસ. ગરીબદાસ. ઉરઆશ રાખું છું તમારીરે.-લક્ષ્મી

જા જા દુરાચારી નારી-એ રાહ.

નેણે નીરખો નરનારી, છબી સુંદરછે સારી,મુર્તી લાગે
મોહકારી, પ્રભુ પ્રતીમા છે પ્યારી જોતાં જોડ રૂપ ધારી, મળે
મોક્ષ તણી બારી.-નેણે
પ્રભુને નમું છું પાય, સદા ગુણ ગાઇને મોહ લાગ્યો મનમાંયહેચે
હરખાઇ નેણે
વૃજ નારી તણો વાલો, ગાયુ ચાળતો ગોવાળો, એવો નંદ તણો
લાલો કાન કોડીલો છે કાળો-નેણે.

એ દેવનો છે દેવ, મોટામુનીવર શેવે, શીવ બ્રહ્માદીક જોવે વેદ નેતી નેતી કેવે. છબી સુંદર છે સારી. પ્રેમે જોતાં લાગે પ્યારી. ભક્તી ત્રીલોકમા તારી. મુખે માગુછું મોરારી. એવા અનાથના નાથ, નમું જોડી બંને હાથ. નેણે નીરખો નરનારી

ઝુલો ઝુલો હીંડાળે ઝુલો પુરૂષોતમ પ્યારા—એ રાહ

નમો નમો શ્રી લક્ષ્મીનાથ નારાયણ પ્યારા
ભવ સાગર ઉતરી પાર મળે સુખ સારા

આપ નામ તણો પ્રતાપ મહા સુખકારી.
દુ;ખ દાવાનળ દુર જાય મળે સુખ ભારી

મહા મંગળકારી રૂપ પ્રભુનું પ્યારૂ
નીત નિરખો નેણે નેહ ભરી તો સારૂં

બહુ કર્યાં ભક્તોના કામ. નામ લેતામા
મળી મુક્તિ મીરાંબાઇ કૃષ્ન કહેતામાં

પ્રહલાદ અને ગજગાજ અજામેળ જાણો.
વળી કુબજા મેનકાનાર તરી પરમાણો

સગાળ શેઠ શુદ્ધ ભિકત ઉરમાં લીધી
વળી નરશી નાગર તણી સહાયતા કીધી

પાંડવ કીધી સહાય ભકતો નીજ જાણી
વળી વ્રજ તણી સૌનાર મહેર બહુ આણી

એવા ભકતાધીન ભગવાન, નારાયણ નીરખો
ધન્ય ભાગ્ય ટંકારા ગામ પ્રભુને પરખો,

રહું ઝાલાવાડ શુભ પ્રાંત સાયલા ગામે.
છું જેઠાલાલનો સુત ત્રીભોવન નામે.

આ દાસ તણી દીન અરજ ઉરમાં લેજો.
મહા મહેર કરી મહારાજ ભક્તિ આપ દેજો,

કલ્યાણ દુહા (સાહસ ન કીજે નૃપની આમ) એ રાહ.
નેણે નીરખોને નાથ લક્ષ્મીના જુગલ મુરતી સુખકારીરે.
પુજ્ય મતીમા પ્રેમથી જોતાં પાપ તાપ નાસે છે પોકારીરે નેણે.
નામ લેતામા કામજ થાય, ચતુરભુજ એવા ચમત્કારીરે
દાસ તીભોવન દયા કરીને, સુખ આપો દુ:ખને વીદારીને નેણે

હોરી

નીરખોને વસંત વીહારીરે નીરખોને.
ઉત્સવ આધ વસંત તણોજે.
શુદ પાંચમ માઘ પ્યારી
અંગ ગુલાબી સફેદી વાઘા, પાઘવંકી રંગદારી
શોભત શીર સારી! નીરખોને.
ફાલગુન શુદ પ્રતી પદથી મળે.
સેવક મંડળી સારી સતવસંતના રાગ આળાપે
દધ મૃદંગને તાળી, ઝમક ઝાંઝ બાજે અ ારી નીરખોને
ફાલગુન શુદ પુનમે પ્રભુના.
દરશન છે દુ;ખહારી; રમ બે રંગી. અંગમાં અંબર
હેમતણી પીચકારી; પ્રભુ કર લાગત પ્યારી. નીરખોને.
કૃશ્ન પ્રતી પદને દીવસ પ્રભુ
ખેલત ડોળ અપારી, કેશર કેશુ ગુલાબી રંગોથી અતીશય
ઉડતવારી. ભીંજત પુરના નર નારી નીરખોને
પુરજનો પ્રભુને નીરખીને વંદે આનંદ ઉરભારી.
ફગવા તણી સઉ ઝોળી ભરીને નીરખે નાથનીહાળી

મંડપનુ વરણન તોટક છંદ.

બરનન કરૂં મુખ મંડપનું
અદભુત અતિશય કામ ઘણું
કરી કારીગરી નક્શાયજરી
રંગ બે રંગ અર્કા સોનેરી ભરી
છે ચોરસ સ્થંભ બીરાજે ખરા
વળીયા વળોતાક વીરૂપ વડા
મધ્ય મંડપ સનમુખ તાક વડો
ઝળકે જરી જોત બીલોર બભર્યો
કરી કાંગરી કાચ તણી કલગી
નીચે નાજુક કોર રહી વળગી
કરી પુતલાં જે મુકયા ફરતાં
સહુ લોક જુએ નખરાં કરતાં
બહુ વાનર ત્યાં વીસરામ કરે
સીંહ કેસરી સાવજ ફાલ ભરે.
મેંઢ પોપટને પરીયો ઉપરે
કરે ગાન બજાવે મૃદંગ ખરે
જુઓ મંડપ અંદરમાંજ જહી
જળ હળ બીરાજે જ્યોત ખરી
રંગ લાલ ગુલાબ ભર્યો ઉપરે
ફરતી કરી કોર બે રંગી ખરે
દ્વારપાળ જુઓ દીવ્ય દેવતણા
સીંગર શોભા નહીં રાખી મણાં

કટીયે લટકે છે કટાર અસી
વામ હસ્તે સોનેરી છડીજ વસી
જય વિજય જોડ સ્વરૂપ ખરૂં
બરનન મુખથી હુ શું જ કરૂં
રંગરૂપ અનુપ જોઇ નજરે
ચીત ચોરી રહે પ્રભુજીને મજરે
કરૂ બરનન નાથ હીંડોલા તણું
શુદ્ધ ભાવ ત્રીભોવન, લાવી ભણું.

નારાચ છંદની ઢબ વાજામાં ગવાતી.

મગલ મંડપમાં બીરાજે પાંચ હીંડોલા પુરા
મધ્યમાં મહા હીંડોળો ચડેલ ચાંદી ચકચુરા ૧
માતંગ મોર શોર કરે પરીયું પ્રેમથી ભરી
ઝુલતનાથ લક્ષ્મી સાથ નીરખો નેણુ તો ભરી ૨
બંને બાજુ બીલોરકાચ રંગીનને રૂપેરી સાજ
ઝુલત લાલ નંદલાલ ધરી સોનેરી શીરતાજ ૪
ભગત શામ સુત માધવ શુદ્ધ સેવામાં શુરા
ઝુલાવે નાથ હાથ દોરી ઝાલી પ્રેમથી પૂરા ૫
વૈકુંઠ પુર નૂર પુષ્પ વૃષ્ટી થાય છે
જાળા જોતા ત્રીભોવન જન્મ મરણ જાયછે

રાગ (આજ બહુચરાજી ભેટયા રંગ શું ભરી.)

નેહ શું ભરી ભલાજી નેહ શુ ભરી આજ નાથનીરખ્યા મેં નેહશું ભરી
ચાંદી દાંડી મોર માંતંગ મુસ્તકપર ચમ્મર ઢોળે છે પડખે પરી. આ.

જુગલ સ્વરૂપ રૂપ ઝુલે હીડોળે ઝળકે સોનેરી જામા જરી. આજ.
મોર મુગટ શીર શોભે સુંદરવર. હીરા માણેક માંહે મોતી ભરી. આ.
ભવસાગરને તરવા ત્રીભોવન હેતે. નીહાળોઆજ હરી આજનાથ આ.

સોરઠ.

લાડીલા લક્ષ્મીનાથ જોડી હાથ. નારાયણ નમું નીતેરે. પ્રભુજી પ્રીતે પ્રીતે
તે જો મય છબી શોભે સારી પ્રેમે જોતાં લાગે પ્યારી
દરશનથી દુ;ખ જાય. ભવ સાગર ભીતેરે લાડીલા
ધના ભક્તને ગુજર નાત જાણો. પ્રસન પ્રભુજી થયા પ્રમાણો.
સ્વપ્નાપાં શાક્ષાત વદનથી વધ્યા પ્રીતેરે લાડીલા.
સુદ્ધ હૃદયથી રહે નીરંતર ખરી ટેક રાખી મન અંદર.
મન વાંછીત કરે કામ ચતુરભુજ ચડી ચીતેરે લાડીલા
પરદેશે પડચા છે મોટા નામ નારાયણ જાણો નછોટા
દુર દેશના લોક આવે. માનતા નીતેરે લાડીલા.
દાસ ત્રીભોવન ઐાદીચ ગ્નાતે દ્રીવેદી સંગ્ના બ્રહ્મ છે નાતે.
નારાયણ રટું નામ ગાઉ ગોવીદ ગીતેરે લાડી. લાડીલા

ઝીંઝોટી.

પ્યાર પ્યાર કરી લેતું પ્રાણી પ્રભુની સાથે પ્યાર
માત ઉદરમો ઉંધે શીરે કરતો તું પોકાર
દયા લાવીદીન નાથે છોડયો, ભુલી ગયો સોભાગ, પ્યાર કરી લે ૧
બાળપણું રમતામાં ખેયું તરૂણે તરૂણી તાર
વદ્ધપણું ઘર ચીંતા ચોટી. તોય ન સમજયો સાર કરીલે.
પાપ કર્મ કરી પેટ ભર્યૂં તે બચવા ન રાખ્યું બાર

અંત સમે મજ આવી પહોચ્યા પડવા લાગ્યો માર કરીલે
સત સાંભત સદગુરૂની શેવા સંસારે એ સાર
દાસ ત્રીભોવન વહેવદ નથી વીઠલ કરશો વાર કરીલે.

ઇંદ્ર સભાની ગજલ.

મંગલ મુર્તી નીરખવાથી મોક્ષની મતિ.
રાત દીવસ રદય માંહે આનંદ દે અતિ. ૧
નિત વીલમ વદન જોતાં જાયે કુમતી.
નારાયણનુ નામ લેતાં આવે સુભ મતિ. ૧
કપટ ઝપટ લપટ લાગે. નામ ઉચરી.
વીકટ સકટ દુર કાઢે એવા શ્રી હરી. ૩
અનાથ નાથ છે પ્રભુ આ જગતના ધણી.
સદાઉ દાર વીંદ રાખો જાદુ કુળ મણી. ૧
પુર્ણ ભાવ લાવ સેવા વખત આખરો.
ચુકી જાતાં જગત માંહી જન્મો ને મરો ૫
પૂર્ણ ભાગ્ય આપણા છે. માની લ્યો સહુ
લક્ષ્મીનાથ નીરખવાનો લાવ છે બહુ ૬
કુશલ દ્રષ્ટી વકી નાથ લક્ષ્મીના કરો
ત્રીભોવનદાસ દુઃખ હેતથી હરો.

દાણુ માગે કાનો દાણુ માગે એ રાહ.

શ્રાવણુ માસે શોભા શ્રાવણુ માસે હારે હરી હિંડાળે
(૨) જોઇ પાપ નાસે શોભા શ્રાવણુ માસે.
પાંચ હીંડાળા છે પાસ પાસે હાંરે તેમાં ચાંદી (૨)
હીંડાળે અવિનાશે. શોભા શ્રાવણુ માસે,
મધ્યે લક્ષ્મી નારાયણુ નીવાસે હારે બંને બાજુ
(૨) લાલજી વીલાસે શોભા શ્રાવણુ માસે.
પુરા પારણુા બીરાજે ત્રણુ પાસે હાંરે ચાદી બીલોરી. ૨
રંગીત રાસે શોભા શ્રાવણુ માસે.
ભગત માધવ ઝુલાવે હુલાશે હાંરે નેણુ લાગ્યો
(૨) ત્રીલોવનદાસે શોભા શ્રાવણુ માસે.

દાણુ માગે કાનો દાણુ માગે—એ રાહ.

નામ લ્યોને, નારાયણુ નામ લ્યોને; હાંરે મુખે.
લક્ષ્મી નારાયણુ, એમ કહોને, નારાયણુ નામ લ્યોને
જુઓ જુગલ સ્વરૂપ જુગ ધારી; હાંરે લાગે
તે જો મય મુરતી પ્યારી નારાયણુ.
મોર મુગટ મોતીડે તો જડીયાં, હારે માથે પુષ્પોના
હાર તો પડીયા નારાયણુ.
નવ વાઘા નીહાળો અંગ નીત્યે. હાંરે માંહે
શોભે છે ફેંટા પ્રીતે. નારાયણુ,
ચતુરભુજ સ્વરૂપ ચમત્કારીઃ લાગી ત્રીલોવન
તનમાં તાળી, નારાયણુ નામ લ્યોમે.

ઝીંઝોટી.

નામ નામ લેને મનવા લક્ષ્મીપતીનું તું નામ.
સંસ્કારથી, સગા સહોદર સકળ મળ્યા આ ઠામ
માત પીતા સુત બંધુ નારી. કોઇ ન આવે કામ કામ લેને
રાત દીવસ ભજ રમાપતીને હૈયે રાખી હામ.
જન્મ મરણ દુઃખ કાપી સર્વે દેશે પ્રભુનીજ ધામ લેને; ૨
હરી હરી હેતે મુખે કહેતા કાંઇ ન બેસે દામ
મારગ મુકિત મળવા સહેલો નવ છોડો દીન જામ લેને. ૩
ત્રીભોવન તનમન અર્પી કહેછે ધન્ય ટંકારા ગામ.
પ્રગટ પ્રતિમાં પ્રભુ બીરાજ્યા લક્ષ્મીજી છે વામ લેને. ૪

છંદ ગરબીમાં ગાવાનો.

પ્રથમ નમી ગણેશ [૨) પાય લાગું હું પ્રીતથી રે.
સમરૂં સારદાજી માત બુદ્ધિ આપો સુંરીતથી રે.
કરૂં મુખથી વખાણ, લક્ષ્મીનારાયણ ધામનારે.
મહેર કરો મહારાજ ગુણગાઉં પ્રભુ નામના રે.
મચ્છુ કાંઠા મોઝાર એક ટંકારા ગામ છે રે.
પુર મધ્યે મંદીર લક્ષ્મીનારાયણનું ધામ છે રે,
દેવ દરવાજો દુવાર રંગીત મેડીછે રાજતીરે.
બન્યો બંગલાનો ઠાઠ, જ્યાં નોબત વાજતીરે.
મેડી ઉપર મહારાજ ગુરૂ શામદાશ શોભતારે.
કરે ગીતાનો પાટ, એક આસનથી ઓપતારે.

પરગથ દરશન દેહાર, નીલકંઠ મહાદેવનારે.
ગંગા ગવરી ગણેશ, હનુમંત કરો સેવનારે.
પાછી વળી પરશાલ, પ્રીતે નીરખો નેણુથીરે.
સેવક મંડળીનો સાથ, પદ ગાયે સુવેણુથીરે.
હાંડી ઝુમરનો ઠાઠ, દીપ હારૂછે શોભતીરે.
તેજ તખતા અપાર, બંને ઘડીઆળું ઓપતીરે.
રંગ મંડપ સુરંગ, બીલોરગોળા છે સંગમાંરે.
શ્રાવણ માસે શ્રીનાથ, ઝુલે હીંડોળે રંગમાંરે.
દુવાર પાળ બંને બાર, જય વિજયની જોડ છે રે.
કેડે લટકે તલવાર, હાથ છડી સોનેરી છે રે.
રૂપે રસેલ કમાડ બારશાખ બહુ શોભતુંરે.
સિંહાસન સુંદર ગુરૂડ પરીચુંથી ઓપતુંરે.
હવે નીરખો શ્રીનાથ, લક્ષ્મી સાથે શ્રી શામળારે.
શીર છત્ર તણી હાર, બાંધ્યા સુવર્ણ આમળારે.
મોર મુગટ મહારાજ પાઘ શોભછે વાંકડીરે.
તોરા લટકે છે લાલ, શેરૂં મોતીની સાંકડીરે.
વડા વાઘા બિશાળ, નીત નવાનવાં છાજતાંરે,
રંગે બે રંગી લાલ, જરી ફેંટા બીરાજતારે,
કોટ કોટીયા અપાર, ગળે ટુંપીઓ છે તાલમાંરે.
હીરા જડીત સુહાર, મોતી શોભે છે માલમાંરે.
ઉર ઉતારીની સાથ, કનક કાંઠલી કીશોરછે રે.
માતા મુરતક મુગટ, ગળે ઝરમરની ડોરછે રે.
શાંખ ચક્ર ગદા હાથ, પદમ શોભેછે પાણુમાં રે.

જળાં હળાં ફળાં થાય, જાણે કરણું ભાણમાંરે.
ભમર વાંકાં વિશાળ, બંને ગાલ બીંદુ લાલ છે રે.
ફરી કેશરની આડ, ચંદ્ર ચાંદલો કપાળછે રે.
મુખતણું જોઇ નુર, ઉટ આનંદ તો થાયછે રે.
ઝાંખી જોતા જાદવ, જન્મ મરણ તો જાયછે રે.
પ્રથમ પ્રગટયા શ્રીનાથ, ભગત ધનાના ભાવથી રે,
આવી ઇટાળે ગામ, ભગત તાર્યા શું નાવથીરે.
પછી ટંકરા ગામ, પ્રભુ પધારયા પ્રેમથીરે.
દેવા દરશન દેદાર, નીત કરોને નેમથીરે.
સુત સામજી માધવ સેવા કરે શું ભાવથીરે.
વેડાં ગણો તેનાં ભાગ્ય પ્રભુ પુજી લે લાવથીરે.
શુભ સંવત ઓગણીશ ઉપર પચાશની શાલ છેરે,
ભલો ભાદરવો માશ, તિથી તેરશનો તાલ છેરે.
શુદ્ધ પક્ષ શનીવાર, ગુણ ગાયા અવીનાશીનારે.
સરવે પાપ તાપ ટાળો ત્રીભોવનદાસનારે.

મદીર શોભાનો રાશ.

મંદીર શોભા કહું તે તમે શાંભળોરે.
નામ લક્ષ્મીનારાયણનું દીલે ધરોરે. મંદીર.
પુર મધે મંદીર મહા શોભતુંરે.
શીખરબંધી દેવળ અતી ઓપતુંરે. મંદીર.
પરથમ દરશન કરો નીલકંઠનારે.
ગંગા ગીરજા સાથે હનુમતનારે. મંદીર.
પછી પરશાલ નીરખો પુરા પ્રેમથીરે.
દીપમાળા પુરાય નીત નેમથીરે. મંદીર.
ટક ટકોરા ઘડીઆળું બંને થાય છેરે.
હાંડી તખતા ઝુમર ઝલકાય છે રે. મંદીર.

મંગળ મંડપ બીરાજે મુખ આગળેરે,
બીલેર ગોળા લટકે છે તેની પાગળેરે. મંદીર.
બંને પોળીયા પ્રભુના બહુ શોભતારે.
કુડે કપટે આવે તેને કોપતારે. મંદીર.
બારસાખ ચાંદીમાં ચકચૂર છેરે.
શીંહાસન કમાડ ભરપુર છેરે. મંદીર.
ફુમ કથા શ્રાવડાં થાય છેરે.
સકળ શમાજ મળીને પદ ગાય છેરે. મંદીર.
પ્રભુ પ્રતિમાં શણગાર હવે સાંભળોરે.
દાસ ત્રીભોવન કદી કરૂણા કરોરે. મંદીર.

રાશ બીજો.

વારી જાઉંરે સણગાર સુંદર રૂપનેરે.
ઝાંખી ઝાંખી જુઓને જુગલ રૂપનેરે. વારી.
મોર મુગટ બીરાજે જુદી જાતનારે.
વાંકી પાઘે તોરા ભલી ભાતનારે. વારી.
જડાવ કુંડળ શોભેછે પ્રભુ કાનમાંરે,
કનકપટી બિરાજે કપાળમાંરે. વારી,
ગળે હુંપીઓ જડેલ હીરા સાથમાંરે.
શંખ ચક્ર ગદા છે હરિ હાથમાંરે. વારી.
લીલા પીળા ગુલાબી લાલ રંગમાંરે.
ફેંટા વાઘા જરી અંન પ્રભુ અંગમાંરે. વારી.
કોટ કાંઠલીને કોટીઆં અપાર છેરે.
હીરા માણેક મોતીના ઘણા હાર છેરે. વારી.
માતુગળે ઝરમર બહુ શોભતીરે.
નાક નકવેશર વાળી ઓપતીરે. વારી.

સુંદર શણગાર શોભા કહું કેટલીરે.
અલ્પ બુદ્ધિ ત્રીભોવન એટલીરે. વારી.

રાગ કલ્યાણ.

લક્ષ્મીના પતિ; ગહન તુજ ગતિ મુનીયો મથ્યા ઘણા.
ન ચાલી જ્યાં મતિ;
મચ્છ કચ્છને વરાહ રૂપે નૃસિંહ વામન જેહ.
રામ કૃશ્નને બોધ કલંકી; અવતારો પણ તેહ. લક્ષ્મી.
ઇંદ્ર ચંદ્રને કુબેર સાથે, ચોરાશી જે સિધ્ધ.
દેવ રૂષીને મુની સરવે, કરી સ્તુતિ વિધ વિધ. લક્ષ્મી.
શીવે સનકાદીક બ્રહ્મા સાથે, મોટા મોટા દેવ.
વેદ વિરંચી ભેદ ન પામ્યા; કરી તમારી શેવ. લક્ષ્મી.
નિરંજન નિરકાર નીશ્ચ, આદી જ્યાતિ સ્વરૂપ.
નેતી નેતી વેદ પોકારે; અતીત જગ અનુપ લક્ષ્મી.
સ્વર્ગ મૃત્યુને પાતાળે, તું ત્રણ ભુવનનુ ભુર.
સદઇવ ભકિત તારી દેજો, ત્રીભોવનને ઉર. લક્ષ્મી.

ગુરૂ મહારાજ લાગું પાય એ રાહ.

નારાયણ નીરખો નીત્યે પ્રતિમાં પ્રેમથી પ્રીતે.
જૂગલ રૂપ સ્નેહથી જાંખ હ્રુદયમાં ભાવ શુધ્ધ રાખી.
દેદારથી જાયછે દુઃખો મળેછે સ્વર્ગના સુખો.
કેયુર છે મુગટો માથે લટકતા તોરા તે સાથે.
કરણમાં કુંડળો શોભે લલાટે ચાંથલો ઓપે.
કોટછે કોટીયા પ્યારા જડીત્ર મોતીતણી માળા.
આભુષણ ઓપ પ્રસંગે વાંધંબર રંગ બે રંગે.
તે જો મય મુખડાં પ્યારા નીરખીએ મોક્ષનાં બારા.

પ્રગટ આ પ્રતિમા પ્યારી પ્રભુના પડચા છે ભારી.
નીરખતાં નાવ સુખ મળશે પ્રસવ મૃત્યુ તો ટળશે.
ભાવથી ભકિત જો કરશો ભવાબ્ધી તુર્ત તો તરશો.
લગનીથી લ્યોને શુભ લ્હાવો સમય નહી આવશે આવો,
દયાળુ દેવ છે દાતા ત્રીભોવન ગુણ સદા ગાતા.

અન્નકોટ વિશે.

અબચલે એ—રાહ.

છેઆજ છેઆજ છેઆજ આનંદ ઉરભારી અનકોટ અતિ સુખકારી
છે બુંદી મોતઇઆ ન્યારા, મગદલ સેવદલ છે સારા.
સાટા છે સાર લાડુ નહી પાર જલેબી જાળી અન્નકોટ
છે મગજ મેસુપની પુરતી માંહે સુંદર બરફી સુરતી.
પેડાની હાર પતાસાં અપાર ઘેવર ગુણકારી. અન્નકોટ.
દુધપાક, પુડલા પુરી, માંહે કેસરને કસ્તુરી.
ગુલાબી પાક ગુંદરની સાથ ગુંદવડાં ભારી, અન્નકોટ.
છે ગગન સુખડી સારી, ઘઉં રોટલી, લાપસી, ન્યારી.
કેરી રસ માંય કેળાની છાંય, પાપડ સુખકારી. અન્નકોટ.
મન ગમતા માલ પુવા છે, ઘી સાકર, ખીર જુવા છે.
સુંવાળી સેવ, આરોગે દેવ નીરખો નર નારી અન્નકોટ
વડાં ભજીઆં ગાંઠીયા સારા વળી ફાફડા ફુલેલ પ્યારા.
વઘાર્યાં શાક, વાલોળ, વંતાક, મેથી મુલવારો અન્નકોટ.
છે કેળાં કારેલાં તુરીયાં સુરણ અલવીન દુધીયાં,
ચોળાની ફળી, મુળા મોગરી, ગુવાર ગુણકારી અન્નકોટ.

છે સુવા તાંજલ્લજો ટાંક કેળાં ગલકો ભીંડા આંક.
કંકોલી ચીલ, રતાળુશીલ, શાઇતાં ભારી અન્નકોટ.
તુરદાળ મગની ધોળી માંહે અડદ ચણાની બહોળી.
કઢીને ભાત અથાણા જાત ગણાવું ન્યારી અન્નકોટ.
કેરી કેરાં કરમદા સારા ગુંદા ગરમર લીંબુ ખ્યારા.
આંબળા અતિ, મરચાની છતી. કાચરી સારી અન્નકોટ.
છે માંખણ રોટલા માંહી દુધ સાકર ઘી છે ત્યાંહી.
આરોગો નાથ જોડી બને હાથ નમું વારંવારી અન્નકોટ.
સુખ વાસ માજવને માટે તજ લવીંગ એલચી સાથે
સોપારી પાનબીડી નિર્વાણ સ્વીકારો મારી અન્નકોટ.
નજરાણું ધરે સઉ દાસ મટે જન્મ મરણનો ત્રાસ.
નીરખે સઉ નાથ લક્ષ્મીની સાથ સ્વરૂપ સુખકારી, અન્નકોટ.
છે ઓગણીશ ચોપન શાલ શુદ પડવે ને ભોમવાર
કાતિક છે માસ ત્રીભોવનદાસ આનંદ ઉરધારી. અનકોટ.

નાહક પતિ પતિ કરે—એ રાહ.

છે સુંદર સારૂં ગામ. ટંકારા નામ પ્રભુનું ધામ.
જુઓ સઉ ધારી. કરો દરશન લક્ષ્મીનાથ સહુ નરનારી.
આ મંગળ મંદીર માંય, તેજ તખતાય જળા હળ થાય.
શોભા બહુ સારી કરો દરશન.
પ્રભુ મતિમાં કેરૂં તેજ, મુખડાં બેજ, ચંદ્રની સેજ
શિતળ સુખકારી કરો દરશન.

નીત નીરખો લક્ષમીનાથ શ્રધાની સાથ, જોડી બે હાથ.
પ્રતિમાં પ્યારી. કરો દરશન.
પ્રભુ પડચા અપરંપાર સમરતાવાર, નરનેનાર
દીધા છે દાડી કરો દરશન.
ભાવ તરવા ચીતમાં ચાહો ટંકારે જાઓ પૃભુ ગુણ
ગાઓ નરોને નારીકરો દરશન લક્ષમીનાથ સહુ નરનારી.

સમાપ્ત.